**<u>અમદાવાદ(ગ્રામ્ય)ના મહે. પાંચમા વધારાના જ્યુ.મેજીસ્ટ્રેટશ્રીની કોર્ટમાં,</u>**
**<u>મુકામ–૬૦૩, અમદાવાદ, મીરઝાપુર.</u>**

**<u>ફોજદારી કેસ નં.૫૮૯૫/૨૦૧૮</u>**
**<u>આંક–</u>**

**<u>–:: આંક–૦૧ લગત હુકમ ::–</u>**

**૧.** આ કામની ફરિયાદ હકીકત આરોપીને વાંચી સંભળાવી અને સમજાવવામાં આવેલી છે. તેના જવાબમાં આરોપીએ સ્વેચ્છાએ ગુનો કબુલ કરેલ છે. આરોપીએ સ્વખુશીથી ગુન્હાની કબુલાત કરેલ છે જે નહી માનવાને કોઈ કારણ નથી.

**૨.** આરોપીએ સ્વેચ્છાએ સ્વખુશીથી ગુન્હાથી કબુલાત કરેલ છે. કબુલાત પુરસીસ આંક–૦૨ થી રજુ કરેલ છે અને દયાની માંગણી કરેલ છે અને જણાવેલ છે કે, પ્રથમ ગુન્હો છે અને કુટુંબનો ભરણપોષણનો આધાર આરોપી પર છે. વધુમાં કેસની હકીકત, આરોપીના આર્થિક સંજોગો તેની સ્વૈચ્છિક કબુલાત ધ્યાને લેતાં તેમજ નામ. ગુજરાત હાઈકોર્ટે ગુજરાત રાજય વિરુધ્ધ નટવર હરચંદજી (જી.એલ.આર.૨૦૦૫(૧) પાના નં.૭૦૯) ના કેસમાં આપેલ સમજુતી મુજબ આરોપીને કાયદામાં જણાવેલ સજા કરતા ઓછી સજા કરવામાં આવે તો ન્યાયનો વિશાળ હેતુ સચવાય તેમ જણાય છે અને તે સંજોગોમાં ઓછી સજા કરવાના પુરતા કારણો જણાતા હોય નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:<u>હુકમ</u>:–**

આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૨ અન્વયે ઈ.પી.કો.કલમ–૨૭૯ તથા એમ.વી.એકટની કલમ–૧૮૪ ના ગુન્હામાં ગુન્હેગાર ઠરાવી રૂા.૬૦૦/– (અંકે રૂપિયા છસો પુરાનો) દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે.

ઠરાવ આજ તા:૧૪ મી, માહે: ડિસેમ્બર, સને: ૨૦૧૯ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

મુ.અમદાવાદ(ગ્રામ્ય)
તા. ૧૪–૧૨–૨૦૧૯

**( ડી.વાય. પટેલ )**
પાંચમાં વધારાના જ્યુડી મેજી.ફ.ક.
મીરઝાપુર, અમદાવાદ (ગ્રામ્ય).